૬૦૧ / ૩,૯૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૮ જૂન, ૨૦૦૬)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

### વિભાગ-૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - નવમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૩

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** (૬ ગુણ)

૧. ધામ અને પૃથ્વી ઉપર ભગવાન સદા સાકાર ૧૭
૨. એકાંતિક થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે. ૭૧ થી ૭૩
૩. નિર્વિઘ્ન ભક્તિ માટે બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા. ૯૮
૪. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - શ્રીમુખનાં વચનો. ૩૩

**પ્રશ્ન.૨. પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** (૫ ગુણ)

૧. ભગવાનનું સ્વરૂપ જ એવું છે જે માયામાં અન્વય થયા થકા પણ વ્યતિરેક જ છે. ૧૯
૨. તે પાછો કોઈ દિવસ નીસરતો નથી અને ભગવાન થકી કોઈ ઐશ્વર્યને પામતો પણ નથી. ૧૨
૩. 'ભગવાનના ભક્ત ને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' ૧૦૭
૪. તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે. ૬
૫. પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થાય બાદ જ જીવ સંસારમાંથી મુક્ત થાય છે. ૬૭

**પ્રશ્ન.૩. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ ભક્ત કવિઓનાં પદોમાં ૯૨

(૧) ☐ જેમ કોઈ ફૂલવાડીના ફૂલ મેલી, આકાશ ફૂલની આશા કરે.
(૨) ☐ વાંચી કાગળ કોઈ કંથનો, જેમ નાર અપાર રાજી થાય.
(૩) ☐ તપ તીરથ વૈકુંઠ પદ મેલી, મારા હરિજન હોય ત્યાં હું આવું રે.
(૪) ☐ મોરે મન પ્રભુ અસ બિશ્વાસા, રામ તે અધિક રામ કર દાસા.

૨. ગુણાતીતાનંદ સ્વામીને 'મૂળ અક્ષર' તરીકે પ્રમાણિત કરતાં શાસ્ત્રો... ૧૧૪

(૧) ☐ શ્રીસત્સંગિજીવન (૨) ☐ શ્રીહરિલીલાકલ્પતરુ (૩) ☐ શિક્ષાપત્રી (૪) ☐ કીર્તનકૌસ્તુભમાળા

**પ્રશ્ન.૪. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો.** (૪ ગુણ)

૧. વાઘા ખાચરના પ્રશ્નનું નિરાકરણ. ૧૨૩
૨. ગ્રંથિઓના મૂળનું સ્વામી દ્વારા ઉચ્છેદન ૧૩૩
૩. 'જ્યાં હું છું ત્યાં તે છે અને જ્યાં તે છે ત્યાં હું છું.' ૧૧૯

**પ્રશ્ન.૫. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. જીવનમુક્તા શ્રીજીમહારાજ ૫૨
૨. શ્રીજીમહારાજની સાકાર સ્વરૂપમાં રુચિ. ૯
૩. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સંબંધ ૧૦૯
૪. 'સ્વામી અક્ષર છે.' જીવન અને કાર્યને આધારે (કોઈપણ બે પ્રસંગો) ૧૩૮

**પ્રશ્ન.૬. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય જગતમાં એક જીવંત સંપ્રદાય તરીકે પ્રસિદ્ધ. ૬૩
૨. અક્ષરધામ સિવાયનાં અન્ય સ્થાનકો નાશવંત છે. ૩૧
૩. યજ્ઞપુરુષદાસજી(શાસ્ત્રીજી મહારાજ)ને અક્ષરપુરુષોત્તમની ગેડ બેસી ગઈ. ૧૩૧
૪. જીવ જ્યારે પરમેશ્વરને શરણે જાય, ત્યારે ભગવાનની માયાને તરે છે. ૪૨

**પ્રશ્ન.૭. ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો.** (૮ ગુણ)

(ઉપાસનામાં શું સમજવું ?)

૧. પુરુષોત્તમપણું અન્વય ....... ભિન્ન ભિન્ન છે. ૧૪૩
૨. જીવ, ઈશ્વર ....... અનાદિ છે. ૧૪૨
૩. શ્રીજીમહારાજ સદાય પોતાના ....... નિર્ગુણ કરી મૂકે છે. ૧૪૨

(પાછળ જુઓ)

---

પ્રતિ,

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૮ જૂન, ૨૦૦૬ પરીક્ષા : સત્સંગ પ્રવીણ-૧ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૬૦૧**

| | |
|---|---|
| પરીક્ષાર્થીની અટક :- | પરીક્ષા આપી તે તારીખ :- |
| પરીક્ષાર્થીનું નામ :- | પરીક્ષા આપી તે સમય :- |
| પિતા / પતિનું નામ :- | બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐ |
| પરીક્ષા સ્થળનું નામ :- | કેન્દ્ર નંબર :- ☐☐☐☐ |
| પરીક્ષાર્થીની સહી :- | કેન્દ્રનું નામ :- |

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

૪. અક્ષરબ્રહ્મ એક જ ....... સેવકરૂપ રહે છે. ૧૪૩
૫. અન્ય અવતારો ....... સ્પષ્ટ ભેદ છે. ૧૪૨
(ઉપાસનામાં શું ન સમજવું ?)
૧. એકલા પુરુષોત્તમ જ છે ....... નથી તેમ ન સમજવું. ૧૪૪
૨. મુક્તિ અવસ્થામાં ....... પામતો તેમ ન સમજવું. ૧૪૪
૩. મુક્ત અને અક્ષરબ્રહ્મ ....... નથી તેમ ન સમજવું. ૧૪૪

**પ્રશ્ન.૮. વિસ્તારથી નોંધ લખો.** **(૫ ગુણ)**
૧. ગુણાતીત સંતનાં લક્ષણો. ૮૩

**વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ - પાંચમી આવૃત્તિ, મે ૨૦૦૧ તથા**
**યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - તૃતીય આવૃત્તિ, જુલાઈ ૨૦૦૦**

**પ્રશ્ન.૯. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૬ ગુણ)**
૧. ''પેટમાં ઢોળાવાનું હતું તેના બદલે જમીન ઉપર ઢોળાયું.'' (સ.વા. ભાગ-૩) **અથવા** ૭૧
૨. ''મારે તો નિયમ છે, મારા ઈષ્ટદેવ જમે પછી જમાય.'' (સ.વા. ભાગ-૩) ૫૬
૩. ''મારાં માબાપે પણ મને આવો પ્રેમ નથી આપ્યો.'' (યુગવિભૂતિ) **અથવા** ૧૯
૪. ''એમણે આપણા જ ધર્મમાં દૃઢ રીતે જોડાવા મને આજ્ઞા આપી.'' (યુગવિભૂતિ) ૫૩

**પ્રશ્ન.૧૦. નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં)** **(૬ ગુણ)**
૧. પર્વતભાઈએ છ મહિના સુધી શ્રીજીમહારાજનો સમાગમ કર્યો. (સ.વા. ભાગ-૩) **અથવા** ૬૨
૨. નિષ્કુળાનંદ સ્વામીની આત્મનિષ્ઠાથી સૌ અચરજ પામ્યા. (સ.વા. ભાગ-૩) ૩૫
૩. ગોરો રિપોર્ટર અંગ્રેજીમાં સ્વામીશ્રીનો ઉત્તર લખવા મંડી પડ્યો. (યુગવિભૂતિ) **અથવા** ૨૫
૪. નરેન્દ્રપ્રસાદ સ્વામી સ્વામીશ્રીના દિવ્યત્વમાં ખોવાઈ ગયા. (યુગવિભૂતિ) ૩૭

**પ્રશ્ન.૧૧. નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**
૧. અનુભવી આનંદમાં..... કીર્તનનો સાર લખો. (સ.વા. ભાગ-૩) **અથવા** ૨૫
૨. નિષ્કુળાનંદ સ્વામીની કાવ્યરચના અને સાહિત્યસેવા (સ.વા. ભાગ-૩) ૩૪, ૩૭
૩. સ્વામીશ્રીની ભક્તો પ્રત્યે આત્મીયતા (બે પ્રસંગો) (યુગવિભૂતિ) **અથવા** ૨૪, ૩૫
૪. આનંદથી નાચેલા દલુભાઈ મદારી. (યુગવિભૂતિ) ૩૧

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(૬ ગુણ)**
૧. કુશળકુંવરબાએ શ્રીજીમહારાજની કેટલી વખત આરતી ઉતારી હતી ? (સ.વા. ભાગ-૩) ૫૫
૨. ખુશાલ ભગતે નભોઈ ગામના બ્રાહ્મણ પાસે શેનો શેનો અભ્યાસ કર્યો ? (સ.વા. ભાગ-૩) ૧
૩. મુક્તાનંદ સ્વામીને ઝેર ઘોળિત ચંદનની અર્ચા કરનારને શું થયું ? (સ.વા. ભાગ-૩) ૧૯
૪. બીમાર વિદ્યાર્થીને સ્વામીશ્રીએ શું પીવડાવ્યું ? (યુગવિભૂતિ) ૨૪
૫. ૧૯૮૫માં શરીરમાં તાવ હોવા છતાં સ્વામીશ્રીએ કેટલા દિવસમાં કેટલાં ગામોમાં વિચરણ કર્યું ? (યુગવિભૂતિ) ૧૩
૬. ભોજ ગામના હરિજનોએ મહેમાનોને શું કહ્યું ? (યુગવિભૂતિ) ૪૭

**પ્રશ્ન.૧૩. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** **(૬ ગુણ)**
**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. રઘુવીરજી મહારાજે હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા ક્યાં ક્યાં કરી ? (સ.વા. ભાગ-૩) ૪૭
(૧) ☐ ગઢડા (૨) ☐ જૂનાગઢ (૩) ☐ વડતાલ (૪) ☐ ધોલેરા

૨. ગોપાળાનંદ સ્વામીની સામર્થી. (સ.વા. ભાગ-૩) ૫
(૧) ☐ વરસાદ અટકાવ્યો. (૨) ☐ ગ્રહણ ફેરવ્યું.
(૩) ☐ હનુમાનજીની મૂર્તિ ધ્રૂજવા લાગી. (૪) ☐ મુમુક્ષુઓને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે મોકલ્યા.

૩. શાસ્ત્રીજી મહારાજના હૈયાનું રતન : નારાયણસ્વરૂપદાસજી (યુગવિભૂતિ) ૮, ૯
(૧) ☐ શુદ્ધ પંચવર્તમાન અને અનન્ય ગુરુ ભક્તિ (૨) ☐ અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્તિ
(૩) ☐ તા. ૧૦/૧/૧૯૩૯માં ભાગવતી દીક્ષા. (૪) ☐ પાદરામાં જન્મ.

**વિભાગ-૩ : નિબંધ**

**પ્રશ્ન.૧૪. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** **(૨૦ ગુણ)**
૧. શ્રેય અને પ્રેયની માર્ગદર્શિકા : સત્સંગ પ્રવૃત્તિ ૨. પ્રાર્થના અને પુરુષ પ્રયત્નનો સંગમ - પ્રમુખસ્વામી મહારાજ
૩. આદર્શ સત્સંગીનું વ્યક્તિગત અને કૌટુંબિક જીવન

**નોંધ :- ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❊ ❊ ❊